# ગુજરાતનો સર્વાંગી અભ્યાસગ્રંથ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી ‘ગુજરાત’ ગ્રંથની ચોથી નવસંસ્કરણ આવૃત્તિ પ્રકાશિત થઈ છે. આશાપુરા ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના ચૅરમૅનશ્રી નવનીતભાઈ શાહ જાણીતા ઉદ્યોગપતિ હોવા સાથે સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓમાં અત્યંત રસ-રુચિ ધરાવે છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી હીરાલક્ષ્મી શાહની પુણ્યસ્મૃતિમાં ગુજરાતની અસ્મિતાના સંવર્ધન-સંરક્ષણના હેતુથી વિશ્વકોશભવનમાં ‘ધન્ય ગુર્જરી કેન્દ્ર’ સ્થાપવામાં આવ્યું છે. એના અનુષંગે ચાલતી પ્રકાશનપ્રવૃત્તિના ઉપક્રમે સદર ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો છે. ‘ગુજરાત’ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૧૯૯૫માં પ્રગટ થઈ હતી. તે પછી વર્ષ ૨૦૦૦ અને ૨૦૦૬માં અનુક્રમે તેની બીજી અને ત્રીજી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ હતી.

‘ગુજરાત’ ગ્રંથનાં ૧૫ પ્રકરણો અને ૧ પરિશિષ્ટમાં ભારત ભૂમિમાં ગુજરાતનું સ્થાન, ગુજરાતનાં ભૂગોળ અને પર્યાવરણ, ઇતિહાસ, સમાજ, અર્થતંત્ર, શાસનતંત્ર અને રાજકીય પક્ષો, શિક્ષણ, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી, ધર્મ અને સંસ્કૃતિ, ગુજરાતની ભાષા અને સાહિત્ય, લલિતકલાઓ, સમૂહ માધ્યમો, રમતગમત અને યુવાપ્રવૃત્તિ, ગુજરાતનાં કેટલાંક મહત્ત્વનાં વર્તમાનપત્રો અને સામયિકો, ગુજરાતની કેટલીક અગત્યની સંસ્થાઓ અને કેટલીક વિશિષ્ટ પ્રતિભાઓની રસપ્રદ માહિતી આપવામાં આવી છે. જ્યારે પરિશિષ્ટમાં ગુજરાતના ૨૫ જિલ્લાઓની માહિતી ૨૦૧૧ પ્રમાણે આપવામાં આવી છે. તેમાં જિલ્લાવાર વિસ્તાર, વસ્તી, સાક્ષરતા અને મુખ્ય મથકને કોઠા દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે.

પ્રથમ પ્રકરણમાં ગુજરાતી પ્રજાની તાસીર દર્શાવી છે. ગુજરાતની પ્રજા બહુજનહિતાય અને બહુજનસુખાય કાર્ય કરવામાં માને છે. બિનસાંપ્રદાયિકતા અને પરમસહિષ્ણુતા ગુજરાતના ભાતીગળ પોતમાં બરોબર વણાયેલી છે. સાહસિક વૃત્તિ ધરાવતા ગુજરાતીઓ જ્યાં જાય ત્યાંની પ્રજા સાથે હળીમળી ભળી જાય છે. બીજા પ્રકરણમાં ગુજરાતની આબોહવા, જંગલો, નદીઓ, પર્વતો, ભૂસ્તર, પ્રાણીજીવન, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ વગેરે વિશે સુંદર માહિતી આપવામાં આવી છે. ગુજરાતના પુરાતન કાળથી આધુનિક કાળ સુધીના ઇતિહાસની ઝાંખી પ્રકરણ ૩માં આપવામાં આવી છે. પ્રકરણ ૪માં ગુજરાતના સમાજની સંક્ષિપ્ત અને સામાજિક સુધારણાની માહિતી સવિસ્તર આપવામાં આવી છે. પાંચમું પ્રકરણ ગુજરાતનાં વિવિધ આર્થિક પાસાંઓની છણાવટ કરે છે. તેમાં ૧૯૦૧થી ૨૦૧૧ સુધીની વસ્તીગણતરી, ખેતી, વિવિધ પાકો, સિંચાઈ, સરદાર સરોવર યોજના (નર્મદા યોજના), આર્થિક વિકાસ, શરાફી પદ્ધતિઓ, બૅંકિંગ અને વીમો, મહાજન, ઊર્જા-ઉત્પાદન અને તેના નવા સ્રોતો, ઔદ્યોગિક વિકાસ, ગૃહઉદ્યોગો, નિગમો, વાહનવ્યવહાર, પર્યાવરણ અને પ્રદૂષણ-સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ ૬માં ગુજરાતમાં



પ્રાચીન કાળ, મધ્યકાળ, અને અર્વાચીન કાળમાં શાસનતંત્રની ટૂંકી માહિતી આપીને બાદ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનું રાજકારણ, પ્રધાનમંડળો અને રાજકીય પક્ષો, ચૂંટણીઓ, વાઇબ્રન્ટ ગુજરાત અને લોકાયુક્ત વિશે માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં શિક્ષણ વિશેની માહિતી પ્રકરણ ૭માં રજૂ કરવામાં આવી છે. પ્રકરણ ૮ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને લગતું છે. જેમાં ગુજરાતમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ગણિત અને આંકડાશાસ્ત્ર, જીવવિજ્ઞાન, આયુર્વિજ્ઞાન, આયુર્વેદ, વૈજ્ઞાનિક સંશોધન અને શિક્ષણને લગતી સંસ્થાઓની ઝલક રજૂ કરવામાં આવી છે. ધર્મ અને સંસ્કૃતિને નિસબત એવું પ્રકરણ ૯ ગુજરાતના વિવિધ ધર્મો-પંથો, ધાર્મિક સંસ્થાઓ, તીર્થધામો, પર્યટનસ્થળો, સંતો અને લોકસેવકો, લોકસંસ્કૃતિનો પરિચય કરાવે છે. પ્રકરણ ૧૦ ગુજરાતની ભાષા અને સાહિત્યને સવિસ્તાર અવગત કરાવે છે. ગુજરાતની વિવિધ બોલીઓનો પરિચય આપ્યા બાદ મધ્યકાળથી અર્વાચીન કાળ સુધીના સાહિત્યકારોનો પરિચય આપવામાં આવ્યો છે. તેમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય વિશે પણ માહિતી આપવામાં આવી છે. અંતમાં ગ્રંથભંડારોની લાંબી યાદી આપેલી છે. સાહિત્યરસિકો માટે આ વિસ્તૃત પ્રકરણ ઘણું ઉપયોગી થઈ પડે તેમ છે. પ્રકરણ ૧૧માં ગુજરાતની લલિતકલાઓ પૈકી સ્થાપત્યકલા, શિલ્પકલા, ચિત્રકલા, લોકચિત્રકલા, સંગીતકલા, નાટક અને રંગભૂમિ, ભવાઈ, નર્તનકલા, લોકનૃત્ય, ભરતકામ વગેરે વિશે ચિતાર આપવામાં આવ્યો છે. સમૂહમાધ્યમોને સ્પર્શતા પ્રકરણ ૧૨માં ગુજરાતીમાં પત્રકારત્વ, આકાશવાણી, દૂરદર્શન, ચલચિત્ર વિશે માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં રમતગમત અને યુવાપ્રવૃત્તિ વિશેનો પરિચય પ્રકરણ ૧૩માં કરાવવામાં આવ્યો છે. પ્રકરણ ૧૪માં ગુજરાતનાં કેટલાંક મહત્ત્વનાં વર્તમાનપત્રો અને સામયિકોની યાદી અને પ્રકરણ ૧૫માં ગુજરાતની કેટલીક અગત્યની સંસ્થાઓની યાદી તેમનાં સ્થાપના વર્ષ સાથે આપવામાં આવી છે. પ્રકરણ ૧૬માં વિવિધ ક્ષેત્રની કેટલીક વિશિષ્ટ પ્રતિભાઓની યાદી આપવામાં આવી છે.

‘ગુજરાત’ની આ ચોથી આવૃત્તિમાં કૃષિ, અર્થતંત્ર, વેપાર-ઉદ્યોગ, રાજ્યવહીવટ, વાહનવ્યવહાર, શિક્ષણ, સાહિત્ય, કલા, સંસ્કૃતિ, વિજ્ઞાન વગેરે ક્ષેત્રોને લગતી વિગતોની ચકાસણી કરીને બધી માહિતીને અદ્યતન ઓપ આપવાનો પ્રયત્ન કર્યો છે તે સરાહનીય છે. તેમ કરતાં મૂળ સામગ્રીની ગોઠવણીમાં જરૂરી ફેરફાર પણ કરવામાં આવ્યો છે. આ ગ્રંથની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં ૮ રંગીન પ્લેટો સહિત કુલ ૪૮ પ્લેટોમાં સમાવિષ્ટ ૨૫૦ ચિત્રો આપવામાં આવ્યાં છે. એ રીતે આ પુસ્તક દુનિયાના વિવિધ દેશોમાં બેઠેલા અભ્યાસીઓને, ગુજરાતીઓને અને ગુજરાતમાં રસ ધરાવનાર બિન-ગુજરાતીઓને પણ ઉપયોગી અને રસપ્રદ નીવડવાનો પૂરો સંભવ છે. ગુજરાતી હોવાનું ગૌરવ ધરાવનાર સૌ કોઈ ગુજરાતીએ અચૂક વાંચવા જેવો આ ગ્રંથ છે.

– થૉમસ પરમાર

# સંસદ અને રાષ્ટ્રહિત

૧૩ મે, ૨૦૧૨ના રોજ રવિવારની એક વિશેષ સાંસદીય બેઠકના દિવસે ભારતની સંસદે સાઠ વર્ષ પૂરાં કરી એકસઠમા વર્ષમાં પ્રવેશ કર્યો. સંસદની ગરિમા, પવિત્રતા અને સર્વોપરિતા રક્ષવા–જાળવવા માટેનો ઠરાવ સાંસદોએ સર્વાનુમતે પસાર કર્યો; પરંતુ વાસ્તવિકતાની સરાણે ચડાવી આ વાતને વિચારીએ તો ૧૩ મે, ૨૦૧૩ના બરાબર એક વર્ષ બાદ સંસદ અને સાંસદો ક્યાં ઊભા છે ? લોકસભાનું બજેટ-સત્ર નિર્ધારિત સમય કરતાં બે દિવસે વહેલું આટોપાયું. ૧૫મી લોકસભાના આ સત્રમાં કેટલાક આંકડાઓ પર નજર માંડીએ તો ભારે ક્ષોભ પેદા થાય તેવી સ્થિતિ છે. બજેટ-સત્રની કામગીરીના કલાકોમાંથી ૯૨ કલાક અને ૪૦ મિનિટ સાંસદોની ધાંધલધમાલને કારણે વેડફાયાં. વિપક્ષોની ખાસ કરીને ભાજપની મુખ્ય માગણી વડાપ્રધાન, રેલવેમંત્રી તથા કાયદામંત્રીનાં રાજીનામાંની હતી. એ પૂરી ન થાય ત્યાં સુધી લોકસભાની કાર્યવહી આગળ ન ચાલવા દેવાની ભાજપની ચાલ અને તેના નેતાઓના દુરાગ્રહને કારણે છેવટે વડાપ્રધાન સિવાયના મંત્રીઓનાં રાજીનામાં તો આવ્યાં, પણ મબલખ નુકસાન સાથે. સંસદની કાર્યવહી માટે ખર્ચાતાં નાણાંનો બેસુમાર બગાડ તો સાચો જ; પરંતુ એથીયે વધારે પરોક્ષ રીતે વિરોધપક્ષોએ સરકારને બજેટ-સત્ર પૂરું કરવા પ્રોત્સાહિત કરી તે છે. સંસદના સમયબગાડ અંગેના વિક્રમમાં ૨૦૧૩નો આ નિરર્થક સમય વેડફવાના અત્યાર સુધીના ક્રમમાં બીજા ક્રમનો છે. અહીં સંસદની તાસીર બની ગયેલા બે મુદ્દા રાષ્ટ્રીય ચિંતાનો વિષય છે.

એક, સરકાર બેહદ જાડી ચામડીની બની ગઈ છે અને અન્ય સાંસદો તેમજ વિપક્ષોના વાજબી પ્રશ્નો પ્રત્યે નઘરોળ વર્તન દાખવી ભારે ભ્રષ્ટાચારનો પણ પરોક્ષ બચાવ કરે છે. પરિણામે છેક પૂરા વહીવટીતંત્ર સુધી આ નઘરોળતા પ્રસરે છે અને વહીવટદારો પ્રજા પ્રત્યે બેતમા બની મનસ્વી અને આપખુદ વર્તન દાખવે છે. બીજું, વિરોધપક્ષ અને અન્ય વિપક્ષો જાણી-જોઈને આ સ્થિતિને હવા પૂરી પાડે છે. જ્યારે ને ત્યારે સંસદીય કાર્યવહી ખોરવી દઈને કામ ન થઈ શકે – અગત્યનાં બિલો હાથ જ ન ધરી શકાય તેવી સ્થિતિને તેઓ સંકોરતા રહે છે. વિરોધપક્ષની પાટલીઓ પર બેસતા સાંસદોએ ગૃહની કાર્યવહી ન ચાલવા દઈને દેશને અસહ્ય નુકસાન પહોંચાડ્યું છે. ભાજપ જેવા વિરોધપક્ષને પડકારીએ કે ભાઈ ભારતનું એકાદ રાજ્ય તો તમે ઠીક ચલાવી બતાવો ! સત્તા પરનો વિરોધપક્ષ જે રાજ્યમાં સત્તા પર છે ત્યાંનાં તંત્રો કંઈ ઠીક ચાલતાં નથી. જેનું ઉત્તમ ઉદાહરણ કર્ણાટક રાજ્ય છે.

ઉપર્યુક્ત બે મુદ્દામાંથી ઉપસ્થિત થતો ત્રીજો મુદ્દો એ છે કે સંસદમાં બેસતા રાજકીય પક્ષો વચ્ચે આપસની સમજૂતીથી માત્ર નાણાખરડો અને રેલવે-બજેટ મંજૂર થયાં પરંતુ



તે સિવાયના ખાદ્યસુરક્ષા ખરડો, જમીનસંપાદન ખરડો કે મની લોન્ડરિંગ ખરડા અટકાવી દેવાયા. પરિણામ શું ? તો પરિણામ એ જ કે સત્તાધારી પક્ષને સંસદ સિવાયના ઇતર માર્ગોએ કામ કરવાની મોકળાશ મળી. તેને કોઈ હવે અધિકૃત રીતે પૂછવાવાળું જ ન રહ્યું. 'ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી'. સત્તાધારી પક્ષોને મળતી આવી તક જ તો તેમને પ્રજાકીય જવાબદારીથી દૂર લઈ જાય છે. વિરોધપક્ષ ભાજપ વારંવાર સંસદીય કામગીરીને અવરોધીને તેની નિષ્ક્રિયતા અને નિષ્ફળતાને જ સ્વયંસિદ્ધ કરે છે. અન્ય વિપક્ષો પણ બાલિશ રીતે વર્તીને સંસદમાં બારીક ચર્ચાની ધરાર અવગણના કરે છે. પક્ષની ઉપર ઊઠીને નાગરિકોનાં કે પ્રજાનાં હિતમાં બોલનાર એક પણ સાંસદ નથી. એક પણ સાંસદ ખરડાની ઝીણવટમાં ઊતરે છે ? ઢગલો સાંસદીય સાહિત્યમાંથી તે કશાયે સાહિત્યનો અભ્યાસ કરે છે ? લોકહિત કે લોકહિત વિરોધી મુદ્દાની છણાવટ કરવાનો પરિશ્રમ કરે છે ? પક્ષના સર્વોચ્ચ આદેશ (હાઈ કમાન્ડ)ને સ્વીકારી મતું મારી દેવાની માનસિકતાથી ઉપર ઊઠીને સાંસદ દીર્ઘદૃષ્ટિથી રજામંદી આપે છે ખરો ? આ જરા આકરા લાગતા પ્રશ્નોના જવાબમાં માથું ટટ્ટાર કરીને જવાબ આપી શકે તેવા સાંસદો કયાં છે અને કેટલા છે ?

ચાલો, જરા આગળ વધીને પ્રજાકીય વલણોને તપાસીએ. ખેતીપ્રધાન અને સામંતકાલીન સમાજને લોકશાહીની ભેટ ધરીને આપણે સાચી દિશા હાંસલ કરી છે ખરી ? ન્યાયમૂર્તિ માર્કણ્ડેય કાત્જુ જેવાના મતે ભારતીય લોકશાહી સામંતયુગીન સમાજ દ્વારા હાઇજેક (Hijacked) કરાઈ છે. મતલબ કે સામંતીય માનસ ધરાવતા લોકોએ ભારતીય પરંપરાઓને તોડીને, તોડ-મરોડ કરીને ખુદનાં હિતોને જ રક્ષ્યાં છે. જ્ઞાતિ અને ધર્મની મતબૅંકો થકી તેમણે માત્ર પોતાનાં હિતોનું (સ્વાર્થનું) સંવર્ધન કર્યું છે. આથી જ ઑનર કિલિંગ, દહેજ કે ભ્રૂણહત્યામાંથી સમાજ બહાર નીકળી શક્યો નથી. જાતિવાદ, વહેમો અને અંધશ્રદ્ધા ફૂલતાં-ફાલતાં રહે છે. અર્જુન સેનગુપ્તા અહેવાલ જણાવે છે કે દેશના ૭૭ ટકા ભારતીયો રોજના ૨૫ રૂ. કરતાં ઓછો ખર્ચ કરવા જેવા નીચા ધોરણથી જીવે છે. એક યુનો અહેવાલ જણાવે છે કે ૨.૧ મિલિયન ભારતીય બાળકો એટલે કે દર મિનિટે ચાર બાળકો પાંચ વર્ષની ઉંમરે પહોંચતાં પહેલાં મોતને ભેટે છે.

આમ પ્રજાકીય વિકાસ સિદ્ધ કરવા માટે આધુનિક, વૈજ્ઞાનિક અને તાર્કિક વિચારણાનો માર્ગ પકડવો આવશ્યક છે. રાજકીય હુંસાતુંસી તોડી સાંસદોએ નવી સમાજરચના માટે આગળ આવી રચનાત્મક માર્ગો અખત્યાર કરી આગળ વધવાની જરૂર છે. પ્રજાને આવી કોઈ ઐતિહાસિક ઘડીનો ઇંતેજાર છે જ્યારે સાંસદો રાષ્ટ્રીય હિતને કેન્દ્રમાં રાખી ભાવિ રાહ કંડારે.

**રક્ષા મ. વ્યાસ**

## મંગળ પર જીવનનું પારણું બંધાયું હતું ?

આ બ્રહ્માંડમાં પૃથ્વી સિવાય અન્યત્ર જીવન વિકાસ પામ્યા હોવાના સીધા પ્રથમ અણસાર તાજેતરમાં મંગળના ગ્રહ પર પહોંચેલ 'ક્યુરિયોસિટી' યાને આપ્યા છે. આ અણસારને એક જમાનામાં મંગળ પર જીવનનું પારણું હોવાના પુરાવા ગણી શકાય તેમ છે.

૨૬ નવેમ્બર ૨૦૧૧ના રોજ અમેરિકામાં ફ્લોરિડા ખાતે આવેલ કેપ-કેનાવેરાલથી મંગળના ગ્રહ પ્રતિ પાંચ કરોડ સડસઠ કિલોમીટરની સફરે એટલાસ-૫ નામના તોતિંગ રૉકેટ દ્વારા 'માર્સ સાયંસ લૅબોરેટરી રોવર' નામનું રૉબોટિક યાન રવાના થયેલ. અમેરિકામાં કાન્સાસસ્થિત છઠ્ઠા ધોરણના કોઈ વિદ્યાર્થીએ તેનું નામ 'ક્યુરિયોસિટી' સૂચવેલું જે નાસાએ સ્વીકાર્યું હતું. જીવનની તલાશની માનવીની અદમ્ય જિજ્ઞાસાનું તે દૃષ્ટાંત છે. આ યાને ૬ ઑગસ્ટ, ૨૦૧૨ના રોજ મંગળના વિષુવવૃત્ત નજીક પુરાતનકાળમાં સંઘાતથી રચાયેલ કુંડ 'ગ્રેઈલ ક્રેટર' નજીક ઉતરાણ કરેલ.

'ક્યુરિયોસિટી' એક પૂરા કદની વિજ્ઞાનની પ્રયોગશાળા છે. તેની સમક્ષ મુખ્ય સવાલ એ છે કે મંગળ પર પુરાતનકાળમાં પાણી હોવાના પુરાવા તો મળ્યા છે પરંતુ મંગળ પર કદી જીવન પાંગર્યું હતું ? ક્યુરિયોસિટીનું બીજું ધ્યેય મંગળના હવામાનનો ઝીણવટથી અભ્યાસ કરવાનું છે. ત્રીજું ધ્યેય મંગળના ભૂસ્તરનો અભ્યાસ કરવાનું છે. ચોથું ધ્યેય મંગળ પર માનવીના ઉતરાણનું આયોજન કરવાનું છે. તેનું મુખ્ય કામ ઍસ્ટ્રૉબાયોલૉજી એટલે કે ખગોળીય જીવવિજ્ઞાનને લગતું છે. ક્યુરિયોસિટીનું વજન ૮૯૯ કિલોગ્રામ છે. ૨.૫ અબજ ડૉલરના ખર્ચે વર્ષોની મહેનત પછી ૪૦૦ વૈજ્ઞાનિકો(જેમાં અનેક મૂળ ભારીતય હતા)એ તૈયાર કરેલ આ કાર સાઇઝના રોવરની શ્રેણીબદ્ધ કામગીરી પૃથ્વીના ૬૮૬ દિવસો ચાલનાર છે.

ક્યુરિયોસિટીએ મંગળના ખડકનો પ્રથમ કસોટીમાં જ તે જે ખોજ કરવા માંગતું હતું તે બધાના આશ્ચર્ય વચ્ચે શોધી કાઢ્યું છે. તેણે જે ભૂખરા પાઉડરનો એક કડછો મેળવ્યો તે ચોક્કસપણે મંગળનો ગ્રહ જીવન માટે અનુકૂળ છે તેવો પુરાવો પૂરો પાડતો હતો. બધાં ચિહ્નો બતાવતાં હતાં કે મંગળના ગ્રહ પર સહેજ ખારાશવાળું પુષ્કળ પાણી હતું. આ પાણીના લીધે પ્રાથમિક જીવન ટક્યું હશે.

મંગળનો ગ્રહ તેના આરંભકાળમાં જ ઠંડો, સૂકો અને પ્રતિકૂળતાઓથી ભરેલ હતો કે જેથી ત્યાં કદી જીવનનો આરંભ થઈ શકે તેમ ન હતો; તેમ છતાં એવી આશા બંધાણી કે મંગળનો ગ્રહ જીવનના ઉદ્ભવને સમજાવી શકે.

ઑગસ્ટ, ૨૦૧૨માં મંગળના ગેઈલ ક્રેટરમાં ક્યુરિયોસિટીએ ઉતરાણ કર્યું ત્યારે મંગળના ગ્રહની નિવાસ્યતા (habitability) નિશ્ચિત કરવાનું તેનું મુખ્ય ધ્યેય હતું. એવી અપેક્ષા હતી કે ક્યુરિયોસિટી રોવર જ્યારે પાંચ કિલોમીટર ઊંચા ક્રેટરની મધ્યમાં આવેલા



કાંપના થરોના બનેલા ટેકરાની ધૂળને આજથી મહિનાઓ સુધી ખૂંદ્યા કરશે. પરંતુ તેના બદલે સંભવતઃ પુરાતન ઝરણાના પટ કે જેનું નામ 'યેલો નાઇફ બે' છે તેની પાસેના વિસ્તારમાં ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના ખડકનું ડ્રીલિંગ કરતાં તેનું ભાગ્ય ખૂલ્યું. તે ખડકનું ડ્રીલિંગ કરીને જે નમૂનો મેળવ્યો તેનું ક્યુરિયોસિટી પરની પોતાની જ પ્રયોગશાળામાં પૃથક્કરણ કર્યું. તે નમૂનો ૨૦થી ૩૦ ટકા 'સ્મેકટાઈટ' નામના ખનીજનો હતો. તે એક માટીનું ખનીજ છે અને તે પાણીની હાજરીમાં રચાય છે. તેની પ્રયોગશાળાના સાધને પરખ મેળવી કે તેનો 'પીએચ' તટસ્થ છે. તેનો અર્થ એ થાય કે તે આમ્લ (ઍસિડિક) પણ નથી અને ક્ષારીય (આલ્કાલાઇન) પણ નથી. અને તેમાં એવાં દ્રવ્યો છે જે સૂક્ષ્મજીવોને ઊર્જા પૂરી પાડવા માટે સક્ષમ છે.

ક્યુરિયોસિટી રોવર પ્રોજેક્ટના વિજ્ઞાની જહોન ગ્રોટિઝન્જરના કહેવા પ્રમાણે તેમને મંગળના ગ્રહ પર નિવાસ્યતાવાળું પર્યાવરણ માલૂમ પડ્યું છે. તે એટલું તો જીવનને પુષ્ટિકારક અને અનુકૂળ હતું કે જ્યારે તમે મંગળના ગ્રહ પર પહોંચો ત્યારે આ પાણી આસપાસમાં હોત તો તમે તેને પી શક્યા હોત.

૨૦૧૩ના માર્ચના ત્રીજા અઠવાડિયામાં અમેરિકામાં ટેક્સાસ ખાતે મળેલ વૈજ્ઞાનિકોની સભામાં ક્યુરિયોસિટીની ટીમના સભ્યોએ રોવરનાં દૂર-સંવેદન સાધનો પૈકી ત્રણ સાધનો દ્વારા મેળવેલ પૃથક્કરણ રજૂ કર્યું હતું. તેમાં અનેક પ્રકારનાં જલયોજિત ખનિજો (hydrated minerals) બતાવ્યાં હતાં. આ ખનિજો પાણીની હાજરીમાં રચાયાં હતાં. 'યેલો નાઇફ બે'માં સર્વત્ર તે વિખેરાયાં હતાં.

આમ વિચાર એ છે કે મંગળના ગ્રહ પર અબજો વર્ષો પહેલાં પાણી પ્રવાહી રૂપે હતું. આ એ સમય હતો જ્યારે પૃથ્વી તેના પર આરંભિક જીવનની યજમાન બની રહી હતી; પરંતુ તે પછી અમુક તબક્કે મંગળનો ગ્રહ પાણી ગુમાવી સૂકોભઠ્ઠ થઈ ગયો અને પોતાનું મોટા ભાગનું વાતાવરણ ગુમાવી બેઠો. મંગળના ગ્રહને બહુ ટૂંકા સમય માટે પોતાનું ચુંબકીય ક્ષેત્ર હતું. તે તેની સપાટીને બ્રહ્માંડકિરણો સામે રક્ષણ આપતું હતું. બ્રહ્માંડકિરણો 'ડીએનએ' અણુઓને હાનિ પહોંચાડે છે. 'ડીએનએ' અણુ દરેક સજીવના જીવનનો સ્રોત છે તેમ કહી શકાય. આ ફેરફારોએ મંગળના ગ્રહ પર ઉદ્ભવ પામતા જીવનને અટકાવી દીધું હોય અથવા તો ઉદ્ભવ જ પામવા ન દીધું હોય.

હૂંફાળી અને ભીનાશવાળી આરંભની પૃથ્વી પરના આરંભિક જીવનની નોંધ (રેકર્ડ) શોધવી દુષ્કર છે. વિરોધાભાસ તો એ છે કે જે પાણીની જીવનને આવશ્યકતા છે તે મંદ ઉપચાયક (oxidant) છે અને તે જૈવ (organic) કાર્બનનું વિઘટન કરી શકે છે; પરંતુ સૂક્ષ્મજીવો મંગળ પર ખરેખર અસ્તિત્વ ધરાવતા હોત તો તેનાં ચિહ્નો તે ઠંડા અને સૂકા જગતમાં જળવાયાં હોત.

**(અનુસંધાન દસમા પાને)**

# 'બફર' રાજ્ય નેપાળ પર નજર

નેપાળ ભારતની ઉત્તર સીમાએ આવેલું ભૂમિબંદિસ્ત રાષ્ટ્ર છે. તેનું ક્ષેત્રફળ ૧,૪૭,૭૮૧ ચોકિમી. (ભારતના ઓરિસા રાજ્ય જેટલું) છે. ભારત સાથે નેપાળ વચ્ચેની સીમાની લંબાઈ આશરે ૧,૩૦૦ કિમી. છે. આ રાષ્ટ્રની ઉત્તર સીમાએ તિબેટ (ચીન) જ્યારે બાકીની ત્રણે દિશાએ ભારતનાં રાજ્યો[પૂર્વે સિક્કિમ અને પશ્ચિમ બંગાળ, દક્ષિણે બિહાર અને ઉત્તર પ્રદેશ, પશ્ચિમે ઉત્તરાખંડ]થી ઘેરાયેલું છે.

બ્રિટિશ શાસન વખતે ભારત-નેપાળ વચ્ચેની સીમા ૧૮૧૫ના ડિસેમ્બરમાં 'સુગાઉલીની સંધિ' (Sugauli treaty) મુજબ નક્કી થઈ હતી. ત્યારબાદ બંને દેશો વચ્ચે યુદ્ધ થતાં નેપાળની હાર થઈ હતી. અગાઉ બંને દેશો વચ્ચે થયેલી સંધિને પુનઃ સુધારા-વધારા સાથે ૧૮૧૬માં માન્ય રખાઈ હતી. તેમાં નેપાળે બ્રિટનને વ્યૂહાત્મક લાભ આપ્યો હતો. સંધિને આધારે નેપાળે હિમાલયનાં નૈનિતાલ, અલમોડા, દેહરાદૂન અને સિમલા બ્રિટનને સોંપ્યાં હતાં. જ્યારે પૂર્વનો કેટલોક વિસ્તાર સિક્કિમને સોંપવામાં આવ્યો હતો. ૧૮૫૭માં થયેલા બળવામાં ગુરખા સૈનિકોએ બ્રિટનને સહાય કરી હતી, તેના બદલામાં બ્રિટને 'તરાઈ'નો વિસ્તાર નેપાળને આપ્યો હતો. ભારત-નેપાળ વચ્ચેની સીમાના સંદર્ભમાં કોઈ અગત્યની પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક બાબતો વધુ મહત્ત્વ ધરાવતી નથી. ભારત-નેપાળ વચ્ચેની સીમાનું સીમાંકન (demarcation) ૧૮૫૮માં થયું હતું. (કેટલાક સુધારા-વધારા સાથે બંને દેશોએ ૧૯૫૯માં સીમાંકનને માન્યતા આપી હતી.) તે સમયે બંને દેશો વચ્ચે કોઈ વિવાદ ઊભો થયો ન હતો. વર્તમાન સંજોગોમાં નેપાળ ૧૮૧૫માં થયેલી સુગાઉલીની સંધિને આધારે સીમા વિવાદ ઊભો કર્યો છે, પરંતુ રાજકીય દૃષ્ટિએ કે કાયદાકીય દૃષ્ટિએ તેને કોઈ લાભ થવાનો નથી.

નેપાળમાં ૧૮૪૬થી ૧૯૬૧ સુધી રાણાવંશના રાજાઓનું શાસન હતું. ૧૯૬૧થી નેપાળમાં 'પંચાયતી રાજ્ય' અમલમાં આવ્યું. ત્યારબાદ ૧૯૯૦થી ત્યાં લોકશાહીની વિચારસરણી સ્વીકારાઈ. ૧૯૯૦ સુધી સમગ્ર વિશ્વમાં નેપાળ એકમાત્ર 'હિંદુ રાષ્ટ્ર' તરીકે ઓળખાતું હતું. લોકશાહી દેશ બનતાં રાજાશાહીનો પણ અંત આવ્યો.

નેપાળ પ્રાકૃતિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ ભારત સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલું છે. વર્ષો સુધી ભારત અને નેપાળના રાજકીય અને આર્થિક સંબંધો પણ ઉત્તમ રહ્યા હતા. ભારત હંમેશાં તેના વિકાસમાં સતત સહયોગ આપતું રહ્યું છે. ભારતનું ચલણ આજે પણ ત્યાં સ્વીકારાય છે.

છેલ્લાં ૧૨ વર્ષથી નેપાળમાં માઓવાદીઓનું વર્ચસ્વ વધતાં નેપાળ અને ભારતના રાજકીય-આર્થિક સંબંધોમાં કંઈક ઓટ આવેલી જોવા મળે છે. ચીને નેપાળમાં પગપેસારો કરીને ભારત અને નેપાળના સંબંધોમાં કડવાશ ઊભી કરી છે.



વર્તમાન સંજોગોમાં નેપાળ ભારત અને ચીનના સહયોગથી પોતાનો આર્થિક વિકાસ સાધવા પ્રયત્ન કરી રહ્યું છે. ચીન આર્થિક અને તકનીકી સહાય આપીને નેપાળમાં જળવિદ્યુત માટેના પ્રકલ્પો ઊભા કરી રહ્યું છે, જેથી નેપાળમાં વીજળીની તંગી ઘટે. નેપાળ સાથેના સંબંધો સાનુકૂળ રહે તે માટે ચીન અને ભારત ત્યાં પરિવહન માટેના માર્ગોનું નિર્માણ કરી રહ્યા છે. નેપાળ પોતાના દેશમાં 'મુક્ત વ્યાપાર'નો લાભ મેળવી શકે તે માટે ઔદ્યોગિક એકમો આ બંને દેશોની મદદથી ઊભા કરી રહ્યું છે, જેથી ચીન અને ભારત વચ્ચે થતા વેપારનો મહત્તમ લાભ તે મેળવી શકે.

ચીન પોતાના ખર્ચે નેપાળમાં આવેલ બુદ્ધના જન્મસ્થળ 'લુમ્બીની'ને અતિ અદ્યતન સુવિધાઓવાળું ધાર્મિક સ્થાન ઊભું કરવા પ્રયત્ન કરે છે. આ કૂટનીતિ દ્વારા ચીન સમગ્ર વિશ્વના બૌદ્ધધર્મીઓને આકર્ષી શકે.

ચીનની આ ડ્રેગોન નીતિનો મુખ્ય હેતુ ભારત-ચીન વચ્ચે નેપાળ 'બફર' સ્ટેટ તરીકે ટકી રહ્યું છે – તેનો અંત લાવવાનો છે. નેપાળ ભારત અને ચીનની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિચારધારા ધરાવતું રાજ્ય છે. બફર રાજ્ય તેને કહેવાય કે જ્યાં બંને દેશોની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સામ્યતા હોય. બફર રાજ્યો મિત્ર પણ હોય અને દુશ્મન પણ હોય. બફર રાજ્ય મોટે ભાગે મધ્યસ્થી તરીકે હોય તો પરિસ્થિતિ કાબૂ બહાર જતી અટકે. ભારત લોકશાહી, જ્યારે ચીન સામ્યવાદની વિચારસરણી ધરાવતું રાષ્ટ્ર છે. નેપાળ જો સામ્યવાદની વિચારસરણી તરફ ઢળે તો 'બફર' રાજ્યનો અંત આવે. [આવી પરિસ્થિતિ ઈ. સ. ૮૪૩માં યુરોપના શાર્લેમન (Charlemagne) રાજ્ય માટે થઈ હતી.] જો નેપાળના સંદર્ભમાં જાગ્રત નહીં થઈએ તો ચીન તિબેટની જેમ નેપાળને પણ હડપ કરી લેશે. આ પરિસ્થિતિ નિર્માણ ન થાય તે પહેલાં આ 'બફર' રાજ્ય માટે આપણે નવેસરથી વિચારવું રહ્યું.

**– નીતિન કોઠારી**

---

**(આઠમા પાનાનું ચાલુ)**

જો આપણને મંગળ પર આદ્ય જીવનનો આરંભ થયો હતો તે માલૂમ પડે તો આરંભિક પૃથ્વી પરની પરિસ્થિતિઓ સમજવામાં આપણને જે ઘણા બધા અંતરાલ (gap) જોવા મળે છે તે ભરી શકીએ.

નાસા હવે 'ક્યુરિયોસિટી ક્લોન' તૈયાર કરી રહેલ છે, જે ઈ. સ. ૨૦૨૦માં ઉડાન ભરનાર છે.

**– વિહારી છાયા**

# ગાંધી-વિચારના યજ્ઞકુંડનું અજવાળું



આલાસ્કાની એક ચળવળ સંદર્ભે શાંતિસેના તરફથી નારાયણભાઈ દેસાઈ આલાસ્કા ગયા. ત્યાં એમને લેવા માટે એક યુવા નેતા આવેલો. કારમાં પરસ્પર પરિચય થયો. નારાયણભાઈ દેસાઈએ જ્યાં પોતાનો પરિચય આપ્યો ત્યાં જ એ યુવા નેતાએ અચાનક જોરથી બ્રેક મારી ગાડી ઊભી રાખી અને બોલ્યો, 'ચમત્કારો આજે પણ બને છે. મારા જીવનનું એક સપનું હતું કે જ્યારે પણ મહાત્મા ગાંધીના સાંનિધ્યમાં રહેલી કોઈ વ્યક્તિનું હું સાંનિધ્ય કેળવીશ ત્યારે એ ક્ષણ મારા જીવનની ધન્ય ક્ષણ હશે. આજે એ મહેચ્છા સાકાર થઈ છે.' કહેતાં-કહેતાં નારાયણભાઈના સ્પર્શમાં જાણે ગાંધીજીનાં સ્પર્શ-સ્પંદનો અનુભવતો હોય એમ એ યુવા નેતાની કૃતજ્ઞતા છલકાઈ ઊઠી.

નારાયણભાઈ દેસાઈનું સાંનિધ્ય જ્યારે જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે ત્યારે આવી જ કૃતજ્ઞતાનો ભાવ અનાયાસ જાગે છે. પિતા મહાદેવ દેસાઈ ગાંધી-ચરણે સમર્પિત હતા. નારાયણભાઈ દેસાઈએ એમના વિશે સુંદર પુસ્તક આપ્યું છે : 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. નારાયણભાઈ દેસાઈએ ગાંધીવિચારને પ્રજ્વલિત રાખવાનો ભેખ ધર્યો છે. એ ગાંધી-વિચારના યજ્ઞકુંડનું અજવાળું સતત ફેલાવે છે.

એમનો જન્મ ૨૪–૧૨–૧૯૨૪ના રોજ, એટલે શૈશવમાં જ ઐતિહાસિક દાંડીકૂચના એ સાક્ષી બન્યા. જીવનના આરંભનાં વીસ વરસ ગાંધીજી અને કસ્તૂરબાનાં સાંનિધ્યમાં ગાળ્યાં. યુવાનીમાં વિનોબા જોડે જોડાયા અને ૧૨,૦૦૦ કિલોમીટરની ભૂદાન યાત્રાનો પ્રવાસ કર્યો. એમને શાંતિ અને ક્રાંતિ જાણે ગળથૂથીમાં મળ્યાં. વીસ વરસ વિનોબા જોડે રહ્યા પછી બીજો મોટો વળાંક સર્જાયો. જયપ્રકાશજી જોડે જોડાયા અને શાંતિસેનામાં રહી અરુણાચલ પ્રદેશના NEFA વિસ્તારમાં કામ કર્યું. હાલ જીવનના ઉત્તરાર્ધમાં ૧૦૮ ગાંધીકથા કરી એમણે જાણે એ બધીય વિભૂતિઓનું ઋણ અદા કર્યું છે. પોતાના અનુભવનો નિચોડ સમાજમાં પહોંચાડ્યો છે. નજીકના ભૂતકાળમાં જ મેક્સિકોમાં એમની ગાંધીકથા અંગ્રેજી ભાષામાં હતી. જેનું ભાષાંતર તરત સ્પૅનિશ ભાષામાં થતું ને શ્રોતાઓ માણી શકતા. મેક્સિકોમાં હિંસાનું સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યારે શાંતિનું મોજું જગવનાર નારાયણ દેસાઈ માટે કેટલાય મેક્સિકન લોકોએ કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. હવે ગૂજરાત વિદ્યાપીઠ અને મેક્સિકન યુનિવર્સિટીનું પરસ્પર જોડાણ ઉદ્‌ભવ્યું છે.



નારાયણભાઈ દેસાઈ એટલે સાબરમતી આશ્રમ, વર્ધા સેવાશ્રમ અને વેડછી ગ્રામશાળાનું સરનામું. ભૂદાનયાત્રાના યાત્રી, શાંતિસેના(વારાણસી)ના મંત્રી, તરુણ શાંતિસેનાના અગ્રણી. ખાદી-પ્રવૃત્તિના આજીવન સક્રિય ભેખધારી, નઈ તાલીમ, રચનાત્મક કાર્યોના નિષ્ણાત, સર્વોદયમાં ક્રાંતિ જોનારા ગાંધીજન. પાંચ ભાષાના જાણકાર અને 'મારું જીવન એ જ મારી વાણી' પુસ્તક દ્વારા ગાંધી જીવન-કવનને અંકે કરી પ્રજા સમક્ષ મૂકનાર સક્ષમ લેખક. અનેક મહાનુભાવો સાથેના અગણિત પ્રસંગો એમની સ્મરણ-મંજૂષામાં અકબંધ છે. અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ઘટનાઓના સાક્ષી અને ક્યારેક એનો ભાગ પણ બન્યા છે.

એમની આ કર્મયાત્રા સાથે-સાથે શબ્દયાત્રા અને સંવેદનયાત્રાની ત્રિવેણી સતત ચાલતી રહી છે. નારાયણ દેસાઈના ગુજરાતી-હિન્દી-અંગ્રેજીમાં વીસ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. એમનાં પુસ્તકોમાંથી પસાર થતાં તેઓ એક ઉત્તમ વિચારક અને ચિંતક હોવાનું ફલિત થાય છે. એમની લાઘવયુક્ત ભાષા અને લખાવટ વાચકને ન્યાલ થઈ ગયાનો અનુભવ કરાવે છે. એમના શબ્દો, અનુભવનો નિચોડ, અભ્યાસનિષ્ઠા અને ચિંતનાત્મક અભિગમ એમના સાહિત્યનું આગવું પાસું છે. ગુજરાતીમાં પ્રકાશિત થયેલ ખાસ પુસ્તકોમાં 'સામ્યયોગી વિનોબા' (૧૯૫૪), 'મા ધરતીને ખોળે' (૧૯૫૬), 'સોનાર બાંગલા' (૧૯૭૩), 'અહિંસક પ્રતિકારપદ્ધતિઓ' (૧૯૭૫), 'સૌના ગાંધી' ભાગ ૧થી ૧૨ (૨૦૦૫), 'હિન્દીમાં ભૂદાન આરોહણ' (૧૯૫૬), 'સર્વોદય વિચાર' (૧૯૬૪), 'ટૈંક બનામ લોક' (૧૯૬૯), 'વિશ્વ કી તરુણાઈ' (૧૯૭૫), 'યત્ર વિશ્વં ભવત્યેક નીડમ્' (૧૯૭૫) તથા 'ભૂદાન', 'શાંતિસેના', 'સર્વોદય વિચાર'ની બાર પુસ્તિકાઓ અને અંગ્રેજીમાં 'હૅન્ડબુક ઑફ શાંતિસૈનિક' (૧૯૬૩) 'શેવર્ડ્ઝ એ નૉનવાયોલન્ટ રેવલ્યુશન' (૧૯૭૨), 'હૅન્ડબુક ફોર સત્યાગ્રહ' (૧૯૭૩), 'માય ગાંધી' (૧૯૯૯) દ્વારા ગાંધીવિચાર અને સર્વોદય વિચારની છણાવટ થયેલી છે. 'જયપ્રકાશ સ્મારકગ્રંથ' (૧૯૮૫) અને 'વેડછીનો વડલો' (૧૯૮૩) દૃષ્ટિપૂર્ણ સંપાદનના ઉત્તમ નમૂના છે. રવીન્દ્રનાથનાં ગીતોને 'રવિછવિ' નામે અને ભીષ્મ સાહનીની નવલકથા 'તમસ'ને ગુજરાતીમાં ઉતાર્યાં છે. લેખક તરીકે એમની ભાષામાંડણી તથા અસાધારણ મૌલિકતા પ્રતિબિંબિત થતી જોવા મળે છે.

નારાયણ દેસાઈ ગુજરાતી ભાષાના એક ઉત્તમ ગદ્યકાર છે. 'સંત સેવતાં સુકૃત લાધે' (૧૯૬૭), 'મને કેમ વીસરે રે' (૧૯૮૬), 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' (૧૯૯૩), 'મારું જીવન એ જ મારી વાણી' (૨૦૦૩) પુસ્તક ઉપરાંત 'ઘણું જીવો ગુજરાતી' (૨૦૧૦) પ્રત્યેક ગુજરાતીએ વાંચવાં, વસાવવાં જોઈએ. સાબરમતી આશ્રમમાં પસાર કરેલા શૈશવનાં સ્મરણો 'સંત સેવતાં સુકૃત લાધે'માં હળવી શૈલીમાં છે. આશ્રમ જીવનની ઝાંખી એમાં જોવા મળે છે. ગાંધીજી અને આશ્રમનો માહોલ વાચકના મનમાં જીવતો થઈ ઊઠે તેવું આ પુસ્તક છે. 'મને કેમ વીસરે રે' માં તે સમયની ૩૦ વ્યક્તિઓનું ચરિત્ર-આલેખન

છે. ચરિત્રકાર તરીકે નારાયણભાઈની ખૂબી એ છે કે ચરિત્રની લાક્ષણિકતાઓ ખૂબ લાઘવથી અને રમતિયાળ રીતે મૂકવામાં આવે છે. એમની અનુભવ અને સ્મરણમંજૂષામાં જીવંત રહેલાં આ ચરિત્રો આપણને લાધે છે.

'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' ૧૯૯૩માં પ્રગટ થયું. મહાદેવ દેસાઈનું જીવન અને એમની અસાધારણ પ્રતિભા એમાં અંકિત થઈ છે. ગાંધીજી પ્રત્યેનું એમનું સમર્પણ વ્યક્તિકેન્દ્ર ન બનતાં સમગ્ર યજ્ઞમાં હોમાઈ જવા તત્પર એવા એક પ્રાજ્ઞ પુરુષનું જીવન જોવા મળે છે. એમનું જીવન તો ગાંધીમાં સમાવિષ્ટ થઈ ગયેલું; પરંતુ તે સમયને ઉજાગર કરવામાં એમનું કેવું તો મોટું પ્રદાન હતું એ વાચકને સ્પર્શી જાય છે. મહાદેવ દેસાઈનું જીવંત ચરિત્રલેખન એમાંથી મળે છે. આ પુસ્તકની ભાષા, એમાંની સામગ્રી અને એની પાછળની ચીવટ એક ઉત્તમ લેખકમાં સંશોધક અને સંપાદક પણ સાથે સાથે જોવા મળે છે. એ રીતે ગુજરાતી સાહિત્યનો એક ખૂબ મહત્ત્વનો આ ગ્રંથ બની રહ્યો છે.

'મારું જીવન એ જ મારી વાણી' ચાર ખંડમાં વિભાજિત છે. ગાંધીજીવનનો જાણે જીવંત દસ્તાવેજ જગતને મળે છે. આ બૃહત ગાંધીચરિત્રને સાધના, સત્યાગ્રહ, સત્યપથ, સ્વાર્પણ એમ ચાર ખંડમાં મૂકવામાં આવ્યું છે. ચોથા ખંડમાં ગાંધીજીનાં છેલ્લાં છ વર્ષનો આલેખ છે. લેખક આરંભે કહે છે 'આ ખંડ ગાંધીજીના જીવનનાં છેલ્લાં છ વર્ષ આવરે છે તે એક કરુણ ઉજ્જ્વલ કથા કહી જાય છે. આ કાળ દરમિયાન ગાંધીજીનાં ઘણાંખરાં સપનાંના એમની આંખ સામે ચૂરેચૂરા થયા છે અને દરેક તબક્કે તેઓ એક એકથી ઊંચાં નૈતિકતાનાં શિખરો ચડ્યા છે. સ્વર્ગારોહણ પર્વમાં જેમ યુધિષ્ઠિરને એક પછી એક સ્વજનો છોડવા પડ્યા હતા તેમ ગાંધીજીને પોતે જતનપૂર્વક કેળવેલાં સપનાં ત્યજવાં પડ્યાં છે.'

નારાયણભાઈ ઉપર છ મહાનુભાવોનો લગાવ વિશેષ રહ્યો છે. ગાંધી, વિનોબા, જેપી ઉપરાંત મહાદેવભાઈ અને રવીન્દ્રનાથનો. રવીન્દ્રનાથમાંથી એ સત્યની સાથે સુંદરતાનો સમન્વય પ્રાપ્ત કરે છે. રવીન્દ્ર સાહિત્યનું ચિંતન-મનન એમને ગમતું રહ્યું છે. એ બંગાળીના જાણકાર હોવાથી રવીન્દ્રનાથનાં બંગાળી ગીતો પણ એમને ખૂબ પ્રિય છે. ઘણી વાર એ ગાતા હોય છે. એમણે સર્જેલી પ્રકૃતિ પ્રાર્થના – એમણે રચેલી એક સરસ કૃતિ છે. એમણે ઘણાં કાવ્યો રચ્યાં છે જે અપ્રગટ છે. પણ ગાંધીકથા અંતર્ગત લેખેલાં પ્રસંગ-ગીતો લોકો વચ્ચે ઠીક ઠીક પ્રસાર-પ્રચાર પામ્યાં છે. પ્રાસંગિક હોવા છતાં અનેક સંવેદના ભાવક પકડી શકે એવાં છે. જ્યારે સમૂહગાનમાં એ ગવાતાં હોય છે ત્યારે તલ્લીન નારાયણ દેસાઈની મુદ્રા જોવી એક લ્હાવો છે. એમણે લખેલા પત્રોનું ચયન કરવામાં આવે તો ચોક્કસ ખબર પડશે કે નારાયણ દેસાઈના પત્રોમાં એમની ભાષા અને ભાવ, ચિંતન અને નિસબત કેવાં તો પ્રગટે છે ! એમના ભાવવિશ્વમાંથી શબ્દો નીસરે છે ત્યારે ઉત્તમ સાહિત્યકારની છબિ પ્રગટે છે.



ભારતીય જ્ઞાનપીઠે ૨૦૦૪માં એમને 'મૂર્તિદેવી પુરસ્કાર'થી નવાજ્યા છે. ગુજરાતી સાહિત્યનું સર્વોત્તમ પારિતોષિક ('રણજિતરામ સુવર્ણચંદ્રક') એમને મળ્યું છે. આ ઉપરાંત 'દર્શક ઍવૉર્ડ', 'નર્મદ સુવર્ણચંદ્રક' જેવાં સન્માનો પણ પ્રાપ્ત થયાં છે. તાજેતરમાં જ બાંગ્લાદેશની સરકારે બાંગ્લાદેશની સ્વતંત્રતામાં મદદરૂપ થયેલા લોકોનું સન્માન કરેલું. નારાયણભાઈ દેસાઈને ઢાકા બોલાવી તેમનું બહુમાન કરવામાં આવ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહી એમણે ગુજરાતી ભાષા માટે જાગૃતિ આણી અને ગુજરાતી સાહિત્યને લોકાભિમુખ કરવામાં સક્રિય ભૂમિકા ભજવી. હાલ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે એમની સેવાનો લાભ વિદ્યાપીઠને મળી રહ્યો છે.

મંડકોપનિષદમાં આત્માને પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધન દર્શાવવામાં આવ્યાં છે : સત્ય, તપ અને જ્ઞાન. નારાયણભાઈ દેસાઈ આ ત્રણેયના અધિકારી છે. ગાંધી, વિનોબા અને જેપીના સાંનિધ્યમાં હંમેશાં એમણે સમાજમાં સમત્વ અને સંવાદિતા સ્થાપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

એક મુલાકાતમાં એમને પૂછવામાં આવ્યું કે ભાવિ પેઢી માટે તમે શો સંદેશો આપો છો ? ત્યારે એમણે સહજ કહ્યું, 'મારા જીવનની બે મૂડી છે – સત્સંગ અને મૈત્રી. એ દ્વારા જ સ્વમાં, સ્વજનમાં અને સમાજમાં કશુંક પરિવર્તન સાંપડી શકાય. ભાવિ પેઢીને આ બે વસ્તુ યાદ રાખવાનું કહેવાનું મને ગમશે.'

ગાંધી-વિચાર ધારા વડે એમણે સંસ્કાર, સંસ્કૃતિ અને માનવતાનો મહિમા કર્યો. આવા નારાયણભાઈ દેસાઈના જીવનની પ્રત્યેક પળ ગાંધી-વિચારના યજ્ઞકુંડનું અજવાળું બની રહી છે ત્યારે કિંચિત્ એમનું સાંનિધ્ય મળે છે એ આપણું અહોભાગ્ય છે, એ જ જાણે આપણાંય જીવનની ધન્યતા.

આપણે માટે આનંદની વાત એ છે કે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રથમ સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ શ્રી નારાયણભાઈ દેસાઈને આગામી ૨૭મી જૂને વિશ્વકોશભવનમાં અર્પણ કરવામાં આવશે.

– રાજેન્દ્ર પટેલ

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❒

# કુષ્ઠમુક્ત રોગીઓનું પુનર્વસન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં 'કુષ્ઠમુક્ત રોગીઓનું સામાજિક અને આર્થિક પુનર્વસન' અંગે યોજાયેલા ડૉ. કે. એમ. આચાર્યના વક્તવ્યમાંથી સંસ્થા આધારિત અને સમાજ આધારિત પુનર્વસન અંગેની તેમની વિચારણા પ્રસ્તુત કરીએ છીએ.

**સંસ્થા આધારિત પુનર્વસન :**

પુનર્વસનની પરંપરાગત પદ્ધતિ સંસ્થા આધારિત હતી. જેમાં દર્દીઓ સંસ્થામાં રહી તાલીમ મેળવતા અને પછી તે સંસ્થામાં જ રોજી મેળવતા. પાછળથી નવી વિભાવનામાંથી ઊભરી આવેલી પદ્ધતિ પ્રમાણે આ સંસ્થાઓએ દર્દીઓને છૂટા કરવાનું શરૂ કર્યું હતું. આ વ્યવહાર અત્યારે પણ અમલમાં છે. આના બધા પ્રશ્નોની સમીક્ષા કરતાં મોટા ભાગે એ ધ્યાનમાં આવ્યું છે કે દર્દીઓને મદદરૂપ થવામાં સંસ્થાગત પુનર્વસન સફળ થયું નથી. તેની નિષ્ફળતાનાં કારણો આ પ્રમાણે છે :

૧. સંસ્થાના સંચાલકો કૌશલ્યોનાં ત્રણ, ચાર કે પાંચ ક્ષેત્રો પસંદ કરતા અને તેમાં જ દર્દીઓને તાલીમ આપવામાં આવતી હતી.

૨. તેમાંથી કોઈ એકમાં વારંવાર તાલીમ લેવાનો દર્દીને આદેશ કરાતો અને તેને પોતાની પસંદગીના વ્યવસાય માટેનો બહુ ઓછો અવકાશ રહેતો હતો.

૩. દર્દીઓની પશ્ચાદ્ભૂમિકા, વિસ્થાપન પહેલાં તેના દ્વારા થતી કામગીરી અને તેનાં રુચિ-વલણને ધ્યાનમાં લેવામાં આવતાં ન હતાં.

૪. દર્દીને સંસ્થામાંથી છૂટો કર્યા પછી સંસ્થા સાથે તેની બહુ ઓછી મુલાકાતો થતી. મોટા ભાગની સંસ્થાઓ તેમને ત્યાંથી છૂટા થયેલા દર્દીઓનાં નવાં સરનામાં આપવા પણ અસમર્થ હોય છે.

૫. સંસ્થામાંથી મુક્ત થયા બાદ, સંસ્થાના ટેકા વગર કાચો માલ મેળવવા, ઑર્ડર મેળવવા અથવા ઉત્પાદિત ચીજવસ્તુઓનું વેચાણ કરવા દર્દીઓ સક્ષમ હોતા નથી. આને પરિણામે જે કૌશલ્યની તાલીમ તેમને આપવામાં આવી હતી, તેના કરતાં બીજું કંઈક કરવાની દર્દીને ફરજ પડે છે. દક્ષિણના જાણીતા પુનર્વસન કેન્દ્રમાંથી તાલીમ પામેલા અને છૂટા કરાયેલા દર્દીઓના એક અભ્યાસમાં આ વાત ધ્યાનમાં આવી હતી. જે દર્દીઓનો સંપર્ક થયો હતો તેમાંના ૫૦ ટકા દર્દીઓ ભિક્ષુકો કે ખેતમજૂરો બન્યા હતા. ફક્ત ૨૦ ટકા દર્દીઓ જ તેમને જે કૌશલ્યની તાલીમ આપવામાં આવી હતી, તેમાં રોજી મેળવવા સક્ષમ બન્યા હતા.

૬. પુનર્વસન પાછળનું ખર્ચ બહુ ઊંચું આવે છે. તાલીમગૃહ, તેનાં યંત્રો તથા ઉદ્યોગશિક્ષકોનાં વેતન વગેરેને ધ્યાનમાં લેતાં ૬૦ના દશકાના મધ્યમાં પૂનામાં એક પુનર્વસન કેન્દ્રમાં એક અંતેવાસી દર્દી પાછળ રૂ. ૮૦,૦૦૦નું ખર્ચ થતું જોવા મળ્યું હતું.



આમ પુનર્વસન માટે સંસ્થા આધારિત પદ્ધતિ એ શંકાસ્પદ પરિણામ આપનારી તથા ખર્ચાળ છે. આથી આ પદ્ધતિ દેશની ગણીગાંઠી સંસ્થાઓ સિવાય અન્ય સંસ્થાઓને લાભદાયી થઈ શકે તેમ નથી.

**સમાજ આધારિત પુનર્વસન (Community Based Rehabilitation) :**

પુનર્વસન એટલે કે દર્દીને તેની રોગ પૂર્વેની શારીરિક, માનસિક, સામાજિક તેમજ આર્થિક અવસ્થામાં પ્રસ્થાપિત કરવો કે જેથી કરીને દર્દી પોતાનાં ઘર, સમાજ તેમજ ધંધામાં પોતાનું કાર્ય તેમજ પ્રતિષ્ઠા ફરીથી પ્રાપ્ત કરી શકે તથા પોતાનાં કુટુંબ તેમજ સમાજને ઉપયોગી જીવન જીવી શકે. રક્તપિત્તના દર્દીનું પુનર્વસન શક્ય છે.

રક્તપિત્તને વિશ્વના ઘણા દેશોમાં હજુ સુધી પણ વિશિષ્ટ રોગ તરીકે માનવામાં આવે છે. હજુ પણ સમાજમાં આ રોગ વિશે લોકોના મનમાં પૂર્વગ્રહ રહેલો છે. સદીઓ પહેલાં પણ આ રોગના દર્દીઓને સમાજથી દૂર જંગલમાં રાખવામાં આવતા, તેમને અછૂત ગણવામાં આવતા, બાળી મૂકવામાં આવતા અને ક્યારેક તો દરિયાના પાણીમાં ડુબાડી મૂકવામાં આવતા. આજે પણ આ દર્દીઓ પરત્વે લોકો ઘૃણાપૂર્વક જુએ છે. સમાજના લોકો તેમને અપનાવતાં અચકાય છે. તેને કામધંધેથી ઉતારી મૂકવામાં આવે છે. તેમજ નવું કામ આપવામાં આવતું નથી. આથી, દર્દી માનસિક રીતે પડી ભાંગે છે. સ્વભાવ ચીડિયો બની જાય છે. સમાજથી વિખૂટો પડી જાય છે. તેમજ પોતાની રોજીરોટી કમાઈ શકતો નથી. પરિણામે તેનાં કુટુંબીજનોને પણ હાલાકી ભોગવવી પડે છે. આવો દર્દી ક્યારેક ભીખ માગવા પણ નીકળી જાય છે. આથી જ આવા દર્દીનું શારીરિક, માનસિક તેમજ આર્થિક પુનઃસ્થાપન કરવું જરૂરી બને છે.

**(૧) માનસિક પુનર્વસન :**

આ માટે દર્દીને દવાખાનામાં દાખલ કરવાને બદલે ઘરે જ સારવાર આપવી જોઈએ અને ચેપી પ્રકારના દર્દીને પણ એવી સમજ આપવી જોઈએ કે તે ૪-૬ અઠવાડિયાંમાં બિનચેપી બની જાય છે. આથી, તે પોતાનાં કુટુંબીજનોમાં આ રોગ ફેલાવી શકે નહીં. આમ દર્દીનો ભય દૂર કરવો જોઈએ - તેમજ કુટુંબીજનોએ પણ આ અંગે દર્દીને સમજાવવો જોઈએ. આથી, દર્દી માનસિક રીતે પડી ભાંગે નહીં.

**(૨) સામાજિક પુનર્વસન :**

દર્દી સમાજમાં સામાન્ય માનવી તરીકે જીવી શકે, તેમજ પોતાની મેળે પોતાની રોજીરોટી કમાઈ શકે તે માટે તેનું સામાજિક પુનર્વસન જરૂરી બને છે. રક્તપિત્તના દર્દીને અલગ રાખવો જોઈએ નહીં, પરંતુ તે સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી જાય તેવા પ્રયત્નો

**(અનુસંધાન અઢારમા પાને)**

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે જૂન મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૯ જૂન ૨૦૧૩, બુધવાર** : વિષય : કવિ દુલા કાગ
વક્તા : શ્રી વસંત ગઢવી

**૨૬ જૂન ૨૦૧૩, બુધવાર** : વિષય : ગુજરાતમાં રાસ અને ગરબાની પરંપરા
વક્તા : શ્રી પૂર્ણિમા શાહ

(અમેરિકાની ડ્યૂક યુનિવર્સિટીમાં કામ કરતાં **પૂર્ણિમાબહેન શાહે** ગુજરાતના પ્રદેશોમાં ફરીને રાસ-ગરબા વિશેની ડૉક્યુમેન્ટરી તૈયાર કરી છે એનું નામ છે 'Dancing with the Goddess : The Ras-Garba Traditions of Gujarat'. એમની આ ફિલ્મ અમેરિકાના વૉશિંગ્ટનમાં યોજાયેલા વર્લ્ડ મ્યુઝિક ઍન્ડ ઇન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવામાં આવી હતી અને એના જુદા જુદા ઍવૉર્ડ માટે નોમિનૅટ થઈ હતી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વ્યાખ્યાનશ્રેણીમાં આ ફિલ્મ પ્રસ્તુત થશે તથા તે વિશે ડૉ. પૂર્ણિમાબહેન શાહ ગુજરાતીમાં વક્તવ્ય આપશે.)

## લલિતકલાકેન્દ્ર

**◈ ૧૫ જૂન ૨૦૧૩, શનિવાર, સાંજે ૫-૩૦ :**

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠનાં ગીતોની પ્રસ્તુતિ શ્રી અમર ભટ્ટ અને શ્રી શ્રદ્ધા શ્રીધરાણી દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે સર્જક શ્રી ચંદ્રકાન્ત શેઠ વિશેની ડૉક્યુમેન્ટરી પણ રજૂ કરવામાં આવશે.

## સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ

**◈ ૨૭ જૂન ૨૦૧૩, ગુરુવાર, સાંજે ૫-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાતી વિશ્વકોશની રચના માટે બહુમૂલ્ય પ્રદાન કરનાર શ્રી ધીરુભાઈ ઠાકરનું ઉપનામ 'સવ્યસાચી' છે અને એમના વિદ્યાકીય કર્મયોગને અનુલક્ષીને ઈ. સ. ૨૦૧૩થી સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આપવાનું નક્કી થયું છે. આ અંગે વિશ્વકોશની વિવિધ પ્રવૃત્તિઓમાં આર્થિક યોગદાન આપનાર શ્રી સી. કે. મહેતાનો સહયોગ સાંપડ્યો છે. સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ રૂપે એક લાખની રકમ, સ્મૃતિચિહ્ન, શાલ અને પુસ્તકો અર્પણ કરવામાં આવશે.

સાહિત્ય, સંગીત, ચિત્ર, નૃત્ય, ચલચિત્ર, ફોટોગ્રાફી અને લોકસાહિત્યના ક્ષેત્રમાં આગવું પ્રદાન કરીને ગુજરાતની પ્રતિભાને વ્યાપક સ્તરે ઉજાગર કરનારી ગુજરાતી કે ગુજરાતમાં



રહેતી વ્યક્તિને આ ઍવૉર્ડ આપવાનું ઠરાવ્યું હતું. તે સંદર્ભમાં એની નિર્ણાયક સમિતિએ એનો પ્રથમ સવ્યસાચી ઍવૉર્ડ શ્રી નારાયણભાઈ દેસાઈને આપવાનું નક્કી કર્યું છે. એ ઍવૉર્ડપ્રદાનનો સમારોહ ૨૭મી જૂને સાંજે ૫-૩૦ વાગ્યે વિશ્વકોશભવનમાં રાખવામાં આવ્યો છે.

## સંત કબીર સેવા પ્રતિષ્ઠાન

**◈ ૨૩ જૂન ૨૦૧૩, રવિવાર, સાંજે ૫-૦૦ :**

સંત કબીર વિશે સંતશ્રી આત્માનંદજીના અધ્યક્ષપદે શ્રી નિર્મદસાહેબ, ચંદ્રકાન્ત મહેતા અને કુમારપાળ દેસાઈનાં વક્તવ્ય તથા શ્રી શંકરભાઈ બારોટ દ્વારા કબીરસાહેબનાં પદોનું શાસ્ત્રીય ગાન. તેમજ વિશ્વકોશ કલાવીથિકામાં ચિત્રકારશ્રી મહેન્દ્ર મિસ્ત્રીનાં સંત કબીર વિશેનાં ચિત્રોનું પ્રદર્શન. આ પ્રદર્શનનો સમય ૨૩ થી ૨૫ જૂન સાંજના ૫ થી ૭નો છે.

---

**(સોળમા પાનાનું ચાલુ)**

કરવા જોઈએ, અને જરૂર જણાય ત્યારે આ દર્દીઓને હવેથી સામાન્ય હૉસ્પિટલમાં જ દાખલ કરવા જોઈએ, જેથી તેમનામાં લઘુતાગ્રંથિ ન આવે.

સમાજના લોકોને આ રોગ વિશે સાચી સમજ આપવી જોઈએ અને બહુઔષધીય પ્રકારની હાલમાં આપવામાં આવતી સારવારથી આ ચેપી દર્દી પણ ૪-૬ અઠવાડિયાંમાં બિનચેપી બની જાય છે અને તેનો ચેપ ફેલાવતા નથી એવું સમજાવવું જોઈએ. રક્તપિત્ત એ કોઈ શાપનું પરિણામ નથી. પરંતુ 'માઇકોબૅક્ટેરિયમ લેપ્રી' નામના જીવાણુના ચેપથી થતો રોગ છે, આ દર્દીઓને પણ સમાજમાં સામાન્ય માનવીની માફક જ રહેવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમજ તેને કામધંધો પણ આપવો જોઈએ, જેથી દર્દી પોતાના પગ પર ઊભો રહી શકે અને તેના કુટુંબને કશી હાલાકી ન ભોગવવી પડે.

**(૩) આર્થિક પુનર્વસન :**

આવા દર્દીઓ જો પોતાનું રોગ પૂર્વેનું કામકાજ કરી શકતા હોય તો તે ચાલુ રાખવા દેવું જોઈએ અને જો ત્યાં કામમાં તેના શરીરમાં ઈજા પહોંચી શકે તેવું હોય તો, તેને સલામતીભર્યું નવું કામ આપવું જોઈએ. જેમ કે સિલાઈ મશીન, સાઇકલ, રેંકડી, અંબર ચરખો, હાથલારી વગેરે. જેથી કરીને દર્દી પોતાનું અને કુટુંબીજનોનું ગુજરાન ચલાવી શકે અને સમાજમાં સામાન્ય માનવીની માફક જીવી શકે.

આમ, દર્દીનાં માનસિક, સામાજિક અને આર્થિક પુનર્વસન એકબીજા સાથે સંકળાયેલાં છે, જેના માટે દર્દીના ઘરના સભ્યો તથા સમાજના લોકોએ તેમજ સરકારી, અર્ધસરકારી, ખાનગી સ્વૈચ્છિક તથા સમાજ કલ્યાણની વિવિધ સંસ્થાઓએ પોતાનો સાથ અને સહયોગ આપવો જોઈએ.

**– ડૉ. કે. એમ. આચાર્ય**